ક્રમાંક : હિસાબી–૪/ફિકસ પગાર/ ૮૫૪૪૯/૯૯૯

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
પાલનપુર જિ.બનાસકાંઠા
તા. ૨૯ / ૦૮ /૨૦૧૭

પ્રતિ,
આચાર્ય શ્રી,
બિનસરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
તમામ, બનાસકાંઠા જિલ્લો,પાલનપુર

વિષયઃ– સપ્ટેમ્બર– ૨૦૧૭ પગારબીલ ડેટામાં ફિકસ પગાર સુધારા ખાસ ભથ્થુ અંગેના ડેટા આપવા બાબત..

સંદર્ભઃ– ૧. ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૧૫/૨૨/ગ,જુના સચિવાલય,ગાંધીનગર તા.૨૬/૯/૨૦૧૬

૨. કમિશ્નર શ્રી, શાળાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક અનદ–૧/માધ્ય/૨૦૧૬/ ૨૦૫૪૫–૭૯ તા.૩૦/૯/૨૦૧૬

બનાસકાંઠા જિલ્લાની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો,વહીવટી સહાયકો અને સાથી સહાયકોની સીધી ભરતીથી થતી નિમણુંકોના ફીકસ પગાર પર ખાસ ભથ્થુ ઉપરોકત સંદર્ભ–૧ અને સંદર્ભ–૨ અન્વયે જણાવેલ શરતો મુજબ લાગુ પાડવામાં આવેલ.

આથી હાલે જે કર્મચારીઓનો પગારબીલે પગાર તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ અન્વયે આકારવામાં આવતો હોય તેવા કર્મચારી ઓનો ફિકસ પગાર ઉપર ખાસ ભથ્થુ નીચે દર્શાવેલ પત્રક મુજબ આકારવાનો રહેશે.

| ક્રમ | તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિકસ પગાર | ફિકસ પગાર ઉપર માસિક ખાસ ભથ્થુ | RT-3 માં દર્શાવવાની રકમ |
|---|---|---|---|
| ૧ | રૂા. ૭૧૦૦ | રૂા. ૧૯૦૦ | રૂા. ૯૦૦૦ |
| ૨ | રૂા. ૭૮૦૦ | રૂા. ૨૨૦૦ | રૂા. ૧૦૦૦૦ |
| ૩ | રૂા.૧૩૫૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૫૦૦૦ |
| ૪ | રૂા. ૧૩૭૦૦ | રૂા.૧૮૦૦ | રૂા. ૧૫૫૦૦ |

ફીકસ પગાર સુધારા ખાસ ભથ્થુ RT-3 માં E-01-BASIC માં સુધારેલ રકમ દર્શાવી. સપ્ટેમ્બર–૨૦૧૭ માસથી રેગ્યુલર સુધારો થાય તે મુજબ ડેટા રજુ કરવાના રહેશે. આધાર તરીકે નિમણુક ભલામણ પત્રની નકલ,શાળા મંડળનો પગાર સુધારા આદેશ,તેમજ છેલ્લા પગારબીલની નકલ સામેલ રાખવાની રહેશે. તા.૦૧/૧૦/૨૦૧૫ પછીની કર્મચારીની હાજર તારીખથી તા. ૩૧/૭/૨૦૧૭ સુધીનું તફાવત પત્રક બનાવી RT-12 માં E-30 એરીયર્સ દર્શાવી ડેટા સપ્ટેમ્બર–૨૦૧૭ ડેટા માં આ કચેરીની પગારબીલ શાખામાં રૂબરૂ રજુ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ.બનાસકાંઠા

(૨) **ફિક્સ પગાર પર ''ખાસ ભથ્થું'' તેમજ ''ખાસ ભથ્થાં''ઉપર વાર્ષિક વધારો આપવા બાબત.**

ગુજરાત સરકાના નાણાં વિભાગ તથા શિક્ષણ વિભાગના સંદર્ભ–૨ તથા સંદર્ભ–૩માં દર્શાવેલ ઠરાવ અન્વયે અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો,વહીવટી સહાયકો અને સાથી સહાયકોની સીધી ભરતીથી થતી નિમણુંકોના ફીકસ પગાર પર''ખાસ ભથ્થું'' તેમજ ''ખાસ ભથ્થાં''ઉપર વાર્ષિક સુધારો કરવાનો નિર્ણય કરેલ છે.ઉપરોકત ઠરાવમાં વંચાણે લીધેલ શરતો યથાવત રહેશે.આ ઠરાવનો અમલ તા.૦૧/૧૦/૨૦૧૫ થી કરવાનો રહેશે.

નીચે દર્શાવેલ નમુના પત્રક–૧ તથા પત્રક–૨ મુજબ ફીકસ પગાર સુધારો કરવા અંગેની નમૂનારૂપ ગણતરી દર્શાવેલ છે.

**પત્રક–૧**

તા.૦૧/૧૨/૨૦૧૫ પહેલાં નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારીઓ માટે

| ક્રમ | તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર | ફિક્સ પગાર ઉપર માસિક''ખાસ ભથ્થું'' | ''ખાસ ભથ્થું''ઉપર વાર્ષિક વધારો | RT-3માં દર્શાવવાની રકમ |
|---|---|---|---|---|
| ૧ | રૂા.૭૧૦૦ | રૂા.૧૯૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૦૫૦૦ |
| ૨ | રૂા.૭૮૦૦ | રૂા.૨૨૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૧૫૦૦ |
| ૩ | રૂા.૧૩૫૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૬૫૦૦ |
| ૪ | રૂા.૧૩૭૦૦ | રૂા.૧૮૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૭૦૦૦ |

**પત્રક–૨**

તા.૦૧/૧૨/૨૦૧૫ પછી નિમણૂંક પામેલ હોય તેવા કર્મચારીઓ માટે

| ક્રમ | તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર | ફિક્સ પગાર ઉપર માસિક''ખાસ ભથ્થું'' | RT-3માં દર્શાવવાની રકમ |
|---|---|---|---|
| ૧ | રૂા.૭૧૦૦ | રૂા.૧૯૦૦ | રૂા.૯૦૦૦ |
| ૨ | રૂા.૭૮૦૦ | રૂા.૨૨૦૦ | રૂા.૧૦૦૦૦ |
| ૩ | રૂા.૧૩૫૦૦ | રૂા.૧૫૦૦ | રૂા.૧૫૦૦૦ |
| ૪ | રૂા.૧૩૭૦૦ | રૂા.૧૮૦૦ | રૂા.૧૫૫૦૦ |

ફિકસ પગાર સુધારા ડેટા RT-3માં E-01,BASICમાં સુધારેલ રકમ દર્શાવી સપ્ટેમ્બર–૨૦૧૭ માસથી રેગ્યુલર સુધારો થાય તે માટે આધાર તરીકે ઉપરોકત વાર્ષિક વધારો મંજુર કરવા અંગેનું નીચે દર્શાવેલ પત્રક તેમજ છેલ્લા પગારબીલની રકમ ડેટા રજુ કરવાના રહેશે.તા.૦૧/૧૦/૨૦૧૫ કે પછીથી થયેલ નિમણૂંક તારીખથી તા. ૩૧/ ૦૮/૨૦૧૭ સુધીનું તફાવત પત્રક બનાવી RT-12માં E-01, બેઝીક દર્શાવી ડેટા રજુ કરવા જણાવવામાં આવે છે. કર્મચારીએ કપાત પગારી રજા ભોગવેલ હોય તો ગણતરી કરી રકમ કપાત કરીને તફાવત આકારવાનો રહેશે.ઉપરોકત તફાવતની રકમ ચૂકવવા અંગે કમિશનરશ્રી,શાળાઓની કચેરી,ગાંધીનગરના આદેશ અનુસાર સૂચના મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

અન્ય રેગ્યુલર પગાર ડેટા જો હોય તો અલગ ફાઈલે રજુ કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

શાળાનું નામ :–

શાળાનો કોડ નંબર :–

## ફિક્સ પગાર ખાસ ભથ્થુ તથા ખાસ ભથ્થા ઉપર વાર્ષિક વધારો મંજુર કરવા અંગેનું પત્રક

કર્મચારી નું નામ :–

કર્મચારીનો હોદો :–

કર્મચારીની નિમણુંક તારીખ:–

| ક્રમ | વિગત | મળવાપાત્ર રકમ રૂ. |
|---|---|---|
| ૧ | કર્મચારીનો તા. ૨૦/૧૦/૧૪ ના ઠરાવ મુજબ નિયત થયેલ હાલનો ફિક્સ પગાર | |
| ૨ | કર્મચારીને મળવાપાત્ર ફિક્સ પગાર ઉપર ખાસ ભથ્થુ તા.૧/૧૦/૨૦૧૫ થી | |
| ૩ | કર્મચારીને મળવાપાત્ર ખાસ ભથ્થા ઉપર વાર્ષિક વધારો ( વર્ષ દર્શાવવું ) | |
| ૪ | કર્મચારીને સુધારેલ કુલ મળવાપાત્ર પગારની રકમ | |

નીચે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

### પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરોકત કર્મચારી એ ફિકસ પગાર ઉપર મળવાપાત્ર ખાસ ભથ્થુ તથા વાર્ષિક વધારો ના સમયગાળામાં કોઈપણ પ્રકારની કપાત પગારી રજા ભોગવેલ નથી. તેમજ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૫/૨૨/ગ/ સચિવાલય ગાંધીનગરના તા. ૨૬/૦૯/૨૦૧૬ માં દર્શાવેલ શરતો મુજબ મળવાપાત્ર હોય તો મંજુર કરવામાં આવે છે.

આચાર્ય/શાળા મંડળ

સહી/સિકકા

સ્થળ:–

તારીખ:–